# BUSINESS મિત્ર

## સેન્સેક્સ 494 પોઇન્ટ ઘટયો, રોકાણકારોએ 6 લાખ કરોડ ગુમાવ્યા

**બજાજ** ઓટોની પાછળ ઓટો શેરોમાં ભારે કડાકો બોલાયો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.17:** ભારતીય શેરબજારમાં આજે પણ નરમાઇનો માહોલ આગળ વધ્યો હતો. જોકે, સેન્સેક્સે 81000 પોઇન્ટની સપાટી ટકાવી રાખવામાં સફળ રહ્યા હતા. જોકે, આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 6 લાખ કરોડની ખોટ કરી છે.રિલાયન્સે અગાઉ બોનસની જાહેરાત કરી હતી, જેની રેકોર્ડ ડેટ 28 ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. રિલાયન્સ ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી કંપની છે. તેની પ્રવૃત્તિઓમાં હાઇડ્રોકાર્બન સંશોધન અને ઉત્પાદન, પેટ્રોલિયમ રિફાઈનીંગ અને માર્કેટીંગ, પેટ્રોકેમિકલ્સ, સૌર અને હાઈડ્રોજન, રિટેલ અને ડિજીટલ સેવાઓનો સમાવેશ થાય છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી સાથે કડાકો બોલાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.65 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.42 ટકા ઘટયો હતો. આજે માર્કેટ બ્રેડથ નબળુ પડ્યું હતું. બીએસઇ ખાતે 1273 શેરો વધ્યા હતા, જ્યારે 2690 શેરો ઘટયા હતા અને 101 શેરો યથાવત રહ્યા હતા. આજે આઇટી સેકટરને બાદ કરતાં બીએસઇના અન્ય તમામ સેકટરો લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ફટકો ઓટો, રિયલ્ટી અને ટેલીકોમ્યુનીકેશન સેકટરને લાગ્યો હતો.

આજે રિયલ્ટી શેરોમાં નરમાઇ જોવા મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.76 ટકા ઘટયો હતો. જેમાં ઓબેરોય રિયલ્ટી, મેક્રોટેક ડેવલપર્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ, શોભા, ફોનીક્સ મીલ્સ, મહિન્દ્રા લાઇફસ્પેસ, બ્રિગ્રેડ એન્ટર, ડીએલએફ અને રેમન્ડ ઘટયા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 457.26 લાખ કરોડનું થયું છે. જે અગાઉ રૂ. 463.29 લાખ કરોડનું હતું. બીએસઇ ખાતે ટ્રેડિંગ દરમ્યાન 245 શેરો બાવન વીકની ઉપર બોલાયા હતા. જ્યારે 35 શેરો બાવન વીકની નીચલી સપાટી ટચ કરી હતી.

સેન્સેક્સ 494.75 પોઇન્ટ એટલે કે 0.61 ટકા ઘટીને 81006.61 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 81781 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81000 પોઇન્ટની સપાટી તોડીને 80905 પોઇન્ટના સ્તર સુધી ઘટયો હતો. નિફ્ટી 221.45 પોઇન્ટ એટલે કે 0.89 ટકા વધીને 24800 પોઇન્ટની સપાટી તોડીને 24749.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25000 પોઇન્ટની સપાટી કુદાવીને 25029 પોઇન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચા સ્તરે 24729 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 512.25 પોઇન્ટ એટલે કે 0.99 ટકા ઘટીને 51288.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ક્રીસીલમાં 12.29 ગણા, બજાજ ઓટોમાં 7.54 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમ 5 ગણા, વેદાન્તામાં 2.37 ગણા, ગ્રીન્ડવેલ નોર્ટોનમાં 2.19 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રીસીલમાં 14.57 ગણા, બજાજ ઓટો 8.69 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમમાં 8.09 ગણા અને લેટેન્ટ વ્યૂ એનાલીટીકસમાં 7.33 ગણા અને સેન્ટ્રલ બેન્કમાં 6.23 ગણા કામકાજ નોંધાયા છે.

એનએસઇ એસએમઇ પ્રેનીક લોજીસ્ટીકના આઇપીઓનું આજે 2.60 ટકા પ્રીમિયમ સાથે રૂ. 79ના ભઆવે લિસ્ટીંગ થયું હતું. પછી પાંચ ટકા પ્રીમિયમ બોલાયો હતો. કંપનીનો આઇપીઓ 144.68 ગણા છલકાયો હતો. કંપનીએ રૂ. 77ના ભાવે ઓફર કરાયો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન સેન્ટ્રલ બેન્ક તરફથી આગામી નાણાકીય નીતિના નિર્ણય માટે વેપારીઓએ કમર કસી હવાથી ગુરૂવારે યુરોપિયન શેરોમાં વધુ ઉછળ્યો હતો. યુરોપિયન યુનિયનમાં પુગાવાના જોખમો અપેક્ષા કરતા વધુ ઝડપથી હળવા થતા આજે ઇસીબી વર્ષના ત્રીજા વ્યાજદરમાં ઘટાડો કરે એવી અપેક્ષા છે. ચીનના હાઉસીંગ મંત્રાલયની બ્રોફિગ રોકાણકારોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયા પછી એશિયન શેરો નીચા સમાપ્ત થયા. ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં સપ્ટેમ્બરમાં જાપાનની નિકાસ 1.7 ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરની આયાત વૃદ્ધિ 2.1 ટકા પર આવી છે, જે ઓગસ્ટ 2024માં 2.3 ટકા હતી. વોલસ્ટ્રીટની પાછળ એશિયન બજારોને સકારાત્મક વેગ મળ્યો હતો, જ્યાં બુધવારે ટેક શેરો અને મજબૂત આવકોએ લાભમાં ફાળો આપ્યો હતો. રોકાણકારો હવે આગામી કમાણીના અહેવાલોઅને આર્થિક ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.33 ટકા, કેક 1.15 ટકા અને ડેક્સ 0.59 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.69 ટકા, હેંગસેંગ 1.03 ટકા, કોસ્પી 0.04 ટકા અને શાંઘાઇ 1.06 ટકા ઘટયા હતા. જ્યારે જકાર્તા 1.11 ટકા, તાઇવાન 0.19 ટકા અને સ્ટ્રેઇટસ 0.96 ટકા સુધારા સાતે બંધ રહ્યા હતા.

### રૂપિયો 84ની ઉપર

આજે ડોલરની સામે રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો બોલાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો સાત પૈસા ઘટીને 84.07ના સ્તરે બંધ રહ્યો હતો. ગઇકાલે રૂપિયો મજબૂત થયો હતો, પરંતુ આજે ઘટયો હતો. ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 84ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 91.38, પાઉન્ડ 109.18, કેનેડિયન ડોલર 60.92, ઓસ્ટ્રેલિયન ડોલર 56.32, જાપાનીઝ યેન 56.32, સીંગાપોર ડોલર 64.17ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -494.75 | 81006.61 |
| નિફ્ટી | -221.45 | 24749.85 |
| બેન્ક નિફ્ટી | -512.25 | 51288.80 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.50 | 1968.10 |
| ટેક મહિન્દ્રા | 2.33 | 1699.00 |
| પાવરગ્રીડ | 1.21 | 331.15 |
| લાર્સન-ટુબ્રો | 1.07 | 3670.30 |
| એસબીઆઇ | 0.70 | 811.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ઓટો | 12.89 | 10119.45 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.89 | 3258.60 |
| નેસલે ઇન્ડિયા | 3.39 | 2378.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.37 | 2964.60 |
| હીરો મોટોકોર્પ | 3.35 | 5217.45 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.58 | 1969.50 |
| ટેક મહિન્દ્રા | 2.39 | 1699.55 |
| પાવરગ્રીડ | 1.30 | 331.35 |
| લાર્સન-ટુબ્રો | 1.02 | 3567.00 |
| એસબીઆઇ | 0.63 | 810.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 3.35 | 2379.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.34 | 2963.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.70 | 11018.65 |
| બજાજ ફિનસર્વ | 2.28 | 1815.35 |
| ટાઇટન કંપની | 1.99 | 3400.15 |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૮૦૦ | કોપરેલ | ૪૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૬૫૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૯૦ | સનફલાવર | ૨૨૦૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૨૩૦ | તલતેલ | ૬૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૦૮૦ | દિવેલ | ૨૩૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૨૫૦ |
| સરસીયું તેલ | ૨૩૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૯૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૯૦૯૦ |
| તેજાબી સોનું | ૭૯૦૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૫૧૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૭૭૫૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૯૦૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૯૫૩૦૦ |

## વિપ્રોના ચોખ્ખા નફામાં 21 ટકાનો વધારો, કંપનીએ એક શેર સામે એક બોનસની જાહેરાત કરી

મુંબઇ, તા. 17: આઇટી સેકટરની દિગ્ગજ કંપની વિપ્રોએ નાણાકીય વર્ષ 2025ના બીજા કવાર્ટરના પરિણામ આજે જાહેર કર્યા છે. જુલાઇ-સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 21 ટકા વધ્યો છે. કંપનીએ આ સમયગાળામાં રૂ. 3209 કરોડનો નફો કર્યો છે. ગત વર્ષે આ કવાર્ટરમાં આ આંકડો રૂ. 2646 કરોડ હતો. સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીના પરિણામ બજારના અંદાજ કરતા સારા રહ્યા હતા. કંપનીએ એક શેર સામે એક બોનસ શેર આપવાની પણ જાહેરાત કરી છે. વિપ્રોની આવક સપ્ટેમ્બર કવાર્ટરમાં એક ટકા ઘટીને રૂ. 22302 કરોડ થઇ હતી, જે અગાઉના વર્ષના સમાનગાળામાં રૂ. 22543 કરોડ હતી. વિપ્રોનો બીજા ત્રિમાસિક ગાળાનો ચોખ્ખો નફો નજીવો વધીને રૂ. 3011 કરોડ થવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. વધુમાં, નવા સોદામાં ઉછાળાના કારણે આવક રૂ. 22219 કરોડ થવાની આશા હતી. વિપ્રોએ જણાવ્યું હતું કે, ત્રિમાસિક ગાળા દરમ્યાન તેનું કુલ બુકીંગ 3.56 અબજ ડોલર હતું. મોટા સોદાનું બુકીંગ 1.49 અબજ ડોલરનું હતું, જે ક્રમશઃ 28.8 ટકા અને વાર્ષિક ધોરણે 16.8 ટકાનો વધારો દર્શાવે છે. આ ત્રિમાસિક ગાળામાં વિપ્રોની આઇટી સર્વિસીસ ઓપરેટીંગ માર્જિન 16.8 ટકા રહ્યું હતું, જે ક્રમશઃ 0.3 ટકા અને વાર્ષિક ધોરણે 0.7 ટકાનો વધારો દર્શાવે છે. વિપ્રોના સીઇઓ અને એમડી શ્રીની પલ્લીયાએ જણાવ્યું હતં કે, બીજા કવાર્ટરમાં મજબૂત અલના પગલે અમે આવક વૃદ્ધિ, બુકીંગ અને માર્જિન માટેની અમારી અપેક્ષાઓને પુર્ણ કરી હતી. અમે અમારા ટોચના ખાતાઓને વિસ્તૃત કરવાનું ચાલુ રાખ્યું. મોટા સોદાનું બુકીંગ ફરી એક વખત એક બીલીયન ડોલરને વટાવી ગયું અને કેપ્સોએ સતત બીજા ત્રિમાસિક ગાળા અને તેની ગતિ જાળવી રાખી.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૯૬ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૨૯ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ |
| ૬૮/૩૬ | ૧૩૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૩૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૩૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૦ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૧ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

# મહારાષ્ટ્રમાં સરકાર બચાવવા માટે ભાજપે ભારે સંઘર્ષનો સામનો કરવો પડશે

હરિયાણા અને જમ્મુ-કાશ્મીર પછી હવે મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો પર વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે. ૨૦૧૯ થી ૨૦૨૪ સુધીનો પાંચ વર્ષનો કાળ મહારાષ્ટ્રના રાજકારણમાં અણધારી ઘટનાઓનો સમયગાળો રહ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યની જનતાએ એક પછી એક અનેક રાજકીય આંચકાઓ જોયા છે. ૨૦૧૯માં ચૂંટણી પછી મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સરકાર બની હતી, જેમાં કોંગ્રેસ, શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના મુખ્ય ભાગીદારો હતા. ભાજપે પહેલાં શિવસેનામાં ભાગલા પડાવ્યા હતા અને પછી એકનાથ શિંદેને ટેકો દઈને યુતિ સરકાર બનાવી હતી. ત્યાર બાદ તેણે રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં પણ ભાગલા પડાવીને અજીત પવારના જૂથને સરકારમાં સ્થાન દીધું હતું. મહારાષ્ટ્રના મતદારોને ભાજપનું રાજકારણ માફક ન આવતાં તેણે ભાજપને લોકસભાની ચૂંટણીમાં પાઠ ભણાવ્યો હતો.

મહારાષ્ટ્રમાં લોકસભાની કુલ ૪૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો ભાજપની મહાયુતિ અને ૩૦ બેઠકો મહાવિકાસ અઘાડીએ જીતી હતી. સ્વાભાવિક છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૪૧ બેઠકો જીતનાર ભાજપની મહાયુતિને માત્ર ૧૭ બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો હતો. મહાવિકાસ અઘાડીએ જોરદાર પ્રદર્શન કર્યું અને ૩૦ સીટો જીતી હતી. હવે વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ છે ત્યારે લોકમત ઉદ્ધવ ઠાકરે તેમ જ શરદ પવારના પક્ષમાં છે. મહારાષ્ટ્રમાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે ભાજપે ભારે પુરુષાર્થ કરવો પડશે. સૌથી પહેલાં તો આ વખતે ચૂંટણીમાં બે નવા પક્ષો જોવા મળશે. આ બંને નવા પક્ષો છેલ્લી ચૂંટણી લડેલા બે પક્ષોથી અલગ થઈને બનાવવામાં આવ્યા છે. છેલ્લાં પાંચ વર્ષની રાજકીય ઘટનાઓને કારણે આ પક્ષો બન્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં શિવસેના શિંદે જૂથના ૪૦ ધારાસભ્યો છે. ભાજપના ૧૦૩ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના અજિત પવાર જૂથ પાસે ૪૦ ધારાસભ્યો છે. બીજી તરફ, મહાવિકાસ અઘાડીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવાર જૂથ પાસે ૧૩, શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથ પાસે ૧૫ અને કોંગ્રેસ પાસે ૪૩ ધારાસભ્યો છે. ભાજપ માટે આ પ્રતિષ્ઠાનો મુકાબલો બની રહેશે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી શિવસેના અને ભાજપના ગઠબંધન દ્વારા સંયુક્ત રીતે લડવામાં આવી હતી. બીજી તરફ કોંગ્રેસ અને એનસીપી ગઠબંધન પણ સાથે મળીને ચૂંટણી લડ્યા હતા. ભાજપ અને શિવસેનાના ગઠબંધનને બહુમતી મળી હતી, પરંતુ ઉદ્ધવ ઠાકરેના મુખ્ય મંત્રી પદને લઈને આગ્રહને કારણે ગઠબંધન તૂટી ગયું હતું. આ પછી મહારાષ્ટ્રમાં થોડા દિવસો સુધી રાજકીય પ્રયોગો શરૂ થયા. આમાંથી એક દિવસ ૨૩ નવેમ્બર ૨૦૧૯ છે. તે દિવસે સવારે ભાજપે અજિત પવાર સાથે મળીને સરકાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. દેવેન્દ્ર



ટુંધ પોઇન્ટ
■ સમકિત શાહ ■

ફડણવીસ અને અજિત પવાર ૨૩ નવેમ્બર ૨૦૧૯ની સવારે રાજભવન પહોંચ્યા. તેઓએ અનુક્રમે મુખ્ય મંત્રી અને નાયબ મુખ્ય મંત્રી તરીકે શપથ લીધા. જો કે, પછીના થોડા કલાકોમાં સ્પષ્ટ થઈ ગયું કે તે પ્રયોગ નિષ્ફળ ગયો હતો, કારણ કે એનસીપી પ્રમુખ શરદ પવાર અને પક્ષના ધારાસભ્યોએ પાછળથી સ્પષ્ટતા કરી હતી કે તેઓ ભાજપ સાથે નહીં જોડાય. આ પછી શિવસેના, કોંગ્રેસ અને એનસીપીએ સાથે મળીને મહાવિકાસ અઘાડીની રચના કરી હતી. આ પક્ષોએ કોમન મિનિમમ પ્રોગ્રામ બનાવ્યો હતો. ૨૮ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ પછી લગભગ અઢી વર્ષ સુધી રાજ્યમાં મહાવિકાસ અઘાડીની સરકાર રહી.

૨૦ જૂન, ૨૦૨૨ ના રોજ મહાવિકાસ અઘાડીમાં શહેરી વિકાસ મંત્રી રહેલા એકનાથ શિંદે શિવસેનાના કેટલાક ધારાસભ્યો સાથે ગાયબ થઈ ગયા હતા અને સીધા સુરત પહોંચી ગયા હતા. એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો. શિવસેનાના ૪૦ ધારાસભ્યો અને લગભગ ૧૦ અપક્ષ ધારાસભ્યોએ એકનાથ શિંદેને સમર્થન આપ્યું હતું. તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ૩૦ જૂન, ૨૦૨૨ ના રોજ રાજ્યમાં શિવસેના અને ભાજપની ગઠબંધન સરકારની રચના કરવામાં આવી અને એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. મહારાષ્ટ્રનું રાજકીય સર્કસ અહીંથી અટક્યું ન હતું. તેના પછી શિવસેનાના બળવાખોર જૂથે પાર્ટીના ચૂંટણી ચિહ્ન પર દાવો કર્યો હતો. ચૂંટણી પંચે એકનાથ શિંદેની શિવસેનાને પાર્ટીનું નામ અને ચૂંટણી ચિહ્ન આપ્યું હતું. આ રાજકીય રમત અહીં અટકી ન હતી. ૨ જુલાઈ, ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવાર પાર્ટીના નવ સભ્યો સાથે રાજભવન પહોંચ્યા હતા અને તેમણે ભાજપની ગઠબંધન સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. આ પછી અજિત પવારે પણ એકનાથ શિંદેના પગલે ચાલીને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પર દાવો કર્યો અને જાહેરાત કરી કે તેઓ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. ચૂંટણી પંચે અજિત પવારને પાર્ટીનું નામ અને ચૂંટણી ચિહ્ન આપ્યું હતું.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી અનેક કારણોસર મહત્ત્વની છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી બે મુખ્ય વિચારધારાઓ અથવા ગઠબંધન વચ્ચે મતદાન થતું રહ્યું છે. આમાં જ્ઞાતિનું ગણિત હંમેશા મહત્ત્વનું રહેતું હતું. એક વિચારધારા ભાજપ-શિવસેનાની હિન્દુત્વવાદી રહી છે તો બીજી વિચારધારા કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસની બિનસાંપ્રદાયિક રહી છે. અત્યાર સુધીની ચૂંટણી બિનસાંપ્રદાયિકતા અને જમણેરી વિચારધારા વચ્ચે થતી હતી, પરંતુ હવે આ લડાઈ ભાજપના સમર્થકો અને તેના વિરોધી પક્ષો વચ્ચે છે. ૨૦૧૯માં ચાર મુખ્ય પક્ષો હતા. હવે છ પક્ષો છે. તેમાં ત્રણ-ત્રણનાં જૂથો બની ગયાં છે. આ જૂથોમાં વિચારધારાની ભેળસેળ થઈ ગઈ છે. ભાજપની સાથે અજીત પવારનું જૂથ છે, જે અત્યાર સુધી બિનસાંપ્રદાયિકતાનો ઝંડો લઈને ફરતું હતું. કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે ઉદ્ધવ ઠાકરેની શિવસેના છે, જે તેના કટ્ટર હિન્દુત્વ માટે જાણીતી છે. વિચારધારા સાથે સમાધાન કરીને સરકાર સ્થાપવાના અને પક્ષને તોડીને ધારાસભ્યોની સત્તા મેળવવાના રાજકીય પ્રયોગ સામે જનતાની શું પ્રતિક્રિયા છે તે પણ હવે જાણવા મળશે.

અત્યાર સુધી મહારાષ્ટ્રમાં રાજકીય પક્ષો તેમની પરંપરાગત વોટબેંક ધરાવે છે. આ મતદારો વિચારધારાના કારણે સતત તેમની સાથે જોડાયેલા હતા. રાજકીય પરિવર્તન બાદ પક્ષમાં વિભાજનની જેમ વિચારોમાં પણ વિભાજન જોવા મળી રહ્યું છે. તેની અસર ચૂંટણીનાં પરિણામો પર પણ જોવા મળી શકે છે. ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પ્રગતિશીલ મતદારોએ પણ ભ્રષ્ટાચાર અને નરેન્દ્ર મોદીના કરિશ્મા જેવા મુદ્દાઓ પર મતદાન કર્યું હતું. મહાવિકાસ અઘાડીની રચના અને શિવસેના અને એનસીપી વચ્ચેના ભાગલા પછી રચાયેલા મહાગઠબંધનના કારણે હવે આગામી ચૂંટણીમાં મતદાન એટલું સ્થાયી નહીં થાય તેમ લાગે છે.

૨૦૧૯ અને ૨૦૨૪ દરમિયાન જે રીતે એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેને દગો દઈને ભાજપ સાથે સરકાર બનાવી તેના કારણે શિવસેનાના પરંપરાગત મતદારો તેમનાથી નારાજ છે અને તેમને પાઠ ભણાવી દેવાના મૂડમાં છે. બીજી બાજુ ઉદ્ધવ ઠાકરે સાથે દગો કરીને તેમને જે રીતે મુખ્ય મંત્રીના પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા, તેને કારણે તેમને સહાનુભૂતિ મળી છે, જેનો પુરાવો ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જોવા મળ્યો હતો. ઉદ્ધવ ઠાકરેની જેમ શરદ પવાર સાથે પણ તેમના ભત્રીજા અજીત પવાર દ્વારા દગો કરવામાં આવ્યો, તેનો લાભ શરદ પવારને મળ્યો છે. રાજકીય પંડિતોના મતે રાષ્ટ્રવાદી કોંગ્રેસને મત આપનારા પ્રગતિશીલ મતદારો હવે મહાવિકાસ અઘાડીને મત આપી શકે છે. તેવી જ રીતે એકનાથ શિંદેના કારણે શિવસેનાના મતદારો ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને મત આપી શકે છે. ભાજપે મહારાષ્ટ્રમાં હારની તૈયારી કરી રાખવી પડશે.

**ઉદ્ધવ ઠાકરે સાથે દગો કરીને તેમને જે રીતે મુખ્ય મંત્રીના પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા, તેને કારણે તેમને સહાનુભૂતિ મળી છે, જેનો પુરાવો ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જોવા મળ્યો હતો**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ, 9898302700 (1058)

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઇલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (1059)

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિંટિગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**લાઇફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282 (1149)

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. 9825859049, 7859985601 (1150)

મિલ્કત ભાડેથી

**દુકાન ભાડે આપવાની**
છે. રાણીતળાવ મેઈનરોડ, તેલ બજાર તેમજ કરીયાણાં બજારના એરીયામાં, કોર્નરની, મોકાની દુકાન. કોન્ટેકટ- 9898336235, 8866601916 (1151)

**અઠવાલાઈન્સમાં**
ફૂલી ફરનીશ બંગલો ભાડે આપવાનો છે કોન્ટેક- ૭૦૪૩૪૧૧૭૬૫, ૯૮૨૫૪૬૬૭૬૫

**તદ્દન ચાલુ ખાતાનાં**
ચાલુ કંડીશનમાં 64 પનાનાં સિંગલ પનાના રેપીયર મશીન વીથ 1200 હુક્સની જેકાર્ડ ભાડેથી અથવા વેચાણથી આપવાની છે. અમારો નીચેનાં નંબર ઉપર સંપર્ક કરશો.
કોન્ટેક નંબર 9376829808

**અઠવાગેટમાં 3BHK**
ફ્લેટ ભાડે આપવાનો છે કોન્ટેક- ૭૦૪૩૪૧૧૭૬૫, ૯૮૨૫૪૬૬૭૬૫

મિલ્કત વેચવાની છે

**હોસ્પીટલ વેચાણ**
3000 ચો. ફુટ, ૧૫ બેડ અધતન ઓપરેશન થીયેટર તથા મેડીકલ સ્ટોર સાથે મકકાઈ પૂલ નાનપુરા વિસ્તાર M: 9727045459, 8160539255 (1048)

**પાર્લેપોઈન્ટમાં કોર્નરનું**
ગ્રાઉન્ડ+ ૨ મકાન વેચવાનું છે. 9376925382, 9228879382

**બંગલો વેચવાનો છે.**
યુનિવર્સિટીના રોડ પર 533 વારનો રોડ ટચ બંગલો વેચવાનો છે. 7096096691

**હરીપરા, ભાગળ**
વિસ્તારમાં 97 વારનું મકાન વેચવાનું છે, દલાલ આવકાર્ય 9825595952

**વેચવાનો છે.**
પ્લોટ અલકનંદા સોસાયટીમાં જ્યોતીન્દ્ર દવે ગાર્ડનની સામે પ્લોટ નં- 27 હનીપાર્ક રોડ, અડાજણ સુરત M NO- 9327399639 (1146)

**બે વીંઘા ફાર્મ હાઉસ વેચવાનું છે**
આંબાવાડી ચીકુ-નાળિયેરી
ગેટવાળું કંપાઉન્ડ તથા ઈલે.લાઈટ અને બોરની સગવડ વાળું
કદરામા ગામથી આગળના રસ્તે
ગામ : ભાદોલ, મેઈનરોડ, તા. ઓલપાડ
યોગેન્દ્રસિંહ સોલંકી 99131 63682

**પાલમાં 221 વારનો**
પ્લોટ વેચવાનો છે. દલાલ માફ. 9601662923

**પરશુરામ ગાર્ડન**
અડાજણમાં 125 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

**ઓફિસ વેચવાની છે.**
CA, એડવોકેટ અન્ય સર્વિસ બિઝનેસ લાયક અઠવાગેટ સર્કલ, સુરત. 9429507723 (1154)

મિલ્કત લે-વેચ

**હોજીવાલામાં પ્લોટ,**
લેવા/ વેચવા તથા ભાડેથી આપવાનાં છે સિદ્ધાર્થ શાહ- 9998227450 સતીશ શાહ- 9825127450 9898027450 (1065)

**વડોદરા અને સુરતમાં**
પ્રોપર્ટી લે- વેચ, ભાડે માટે મળો મોબાઈલ: 9104614923 (1051)

**ડાયમંડ વન**
લક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સચિન, ફેરડીલ અને રૂંગટા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પલસાણામાં પ્લોટ ખરીદ/ વેચાણ અથવા ભાડે લેવા માટે સંપર્ક કરો. બજરંગ અગ્રવાલ- 9374046612

**દુકાન ભાડે આપવાની છે**
860 સ્કે.ફુટ, ગ્રાઉન્ડ ફ્લોર
ખાણી-પીણી, રેસ્ટોરન્ટ, ફર્નિચર, હોટલ, સુપર સ્ટોર, અનાજ કરીયાણાની દુકાન વિગેરે ધંધાને લાયક જગ્યા
શોપ નં. ૧૧, શિવાંજની હબ, ગુરૂકૃપા વિદ્યાલય સામે, મોરાભાગળ ચાર રસ્તાની આગળ.
યોગેન્દ્રસિંહ સોલંકી 99131 63682

મિલ્કત ભાડે -વેચાણ

**ઓફિસ વેચાણ/ ભાડે**
આપવાની 1000 SQ FT સુપર બિલ્ટઅપ એરિયા, ફુલ ફર્નિશ્ડ પાંચમા માળે, લાલભાઈ કોન્ટ્રાક્ટર કોમ્પલેક્ષ, નાનપુરા. દલાલ આવકાર્ય. 9601285603 (1145)

**ગ્રાઉન્ડ ફ્લોર દુકાન**
વેચાણ/ ભાડેથી, 700-1100 સ્કેવર, ફુટ કાર્પેટ, એટલાન્ટા શોપીંગ મોલ, અલથાણ, 8141752814- 8104890631 (1147)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર) 9427113317,**
ડિસેમ્બરમાં હરિદ્વાર, મથુરા સ્લીપિંગ બસમાં, બનારસ, અયોધ્યા, ચિત્રકૂટ, છપૈયા, (1130)

**પાલમાં દુકાન**
વેચાણ કરારથી આપવાની છે.
460 ચોરસ ફૂટ સુપર બિલ્ટઅપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર પર નિસલ સર્કલ પાસે
9712979399

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૦ વર્ષ પૂરા કરી ૫૧ માં વર્ષ પ્રવેશ સતત 80 મી વખત દક્ષિણ ભારત દિવાળી પ્રવાસ રેલ્વે 2x2 દ્વારા દક્ષિણ ભારત તિરૂપતિ, રામેશ્વરમ, કન્યાકુમારી, ઊટી, માયસોર, બેંગલોર, તા- 4/11 દિ-11 જગન્નાથપુરી સાથે દાર્જીલિંગ સિક્કીમ નેપાળ અયોધ્યા તા- 4/11, દિ-17 સંપૂર્ણ સગવડતા સહિતના પ્રવાસ બુકીંગ ચાલુ છે મળો- દીપકભાઈ બોડીવાલા, 5- યોગી કોમ્પલેક્ષ , ચોકસીવાડી પાસે, ન્યુ રાંદેર રોડ , સુરત 9825144143 (1017)

**સાંઈ કાલિકા જ્યોતિષ**
એક સલાહ આપના જીવનના દરેક સંકટોથી મુક્તિ અપાવી શકે છે
લવ ગુરૂ સ્પે. : પ્રેમીઓ માટે છેલ્લો ઉપાય, નિરાશ પ્રેમીઓ ખાસ મળો
સાસુ વહુનો ત્રાસ
પતી-પત્નીના અણબનાવ
જીવનની A to Z સમસ્યા માટે મળો
દરેક વ્યસનથી મુક્તિ
સૌતનત્રાસ, લગ્ન વિલંબ, તૂટેલા સંબંધ, એકતરફી પ્રેમ, પ્રેમમાં દગો, શત્રુ-વિજય, સંબંધોમાં કડવાશ હોવી.
શું આપને પ્રેમી ઈગ્નોર કરે છે? આપની ફીલીંગ્સ સમઝતા નથી?
મજુરાગેટ, સુરત.
M: 9427137879

**ૐ શિવ ટ્રાવેલ્સ**
૨ નવેમ્બર હરીદ્વાર મથુરા વૃન્દાવન અયોધ્યા બનારસ ચિત્રકુટ 2 4 9 નવેમ્બર ઉદેયપુર ચિતોડગઢ જયપુર માઉન્ટઆબુ 3 7 નવેમ્બર (ઉજ્જૈન મહાકાલેશ્વર ઓમકારેશ્વર માંડવગઢ) (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) બેસતુવર્ષ થી દરરોજ શીર્ડી શનિદેવ નાસિક ત્રયંબકેશ્વર સપ્તશ્રુંગી ઓફિસ ભાગળ ખરવરશેરી સુરત 9327199997 9537838949 (1061)

**દિવાળી પ્રવાસમાં**
જબરદસ્ત ડિસ્કાઉન્ટ, જૂના જાણીતા રાજુ મોદી. (સિમલા, મનાલી, ડેલહાઉઝી, અમૃતસર) (કાશ્મીર, વૈષ્ણોદેવી, પહેલગામ, ગુલમર્ગ, સોનમર્ગ, અમૃતસર,) 3 નવેમ્બર, દિવસ 14 9374512979 (લિમિટેડ સીટ) (1133)

**Home Tutor બહેન જોઈએ છે**
Sr. Kg (English Medium) નાં બાળકને ઘરે આવીને ભણાવી શકે તેવા Home Tutor ની જરૂર છે. Contact કરવાનો સમય બપોરે 4થી 5.
Contact No 9879849831
સરનામું : રૂપાલી સીનેમાની પાસે, રામનગર, સુરત

**ક્ષેત્રપાળ ટૂર્સ.**
(સ્પે. કેરાલા 02-11) (સ્પે, કાશ્મીર 03-11, 18-01) (નેપાળ, કાઠમંડુ, પોખરા 04-11, 23-12, 08-02) (કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી 26-12) (શ્રીશૈલમ, હૈદરાબાદ 23-12) (વૈષ્ણોદેવી, શિવખોડી, અમૃતસર 11-01) (કામાખ્યા, બૌધગયા, ઝારખંડ, બૈજનાથ જ્યોતિર્લિંગ 21-02) (સ્પે. રાજસ્થાન 20-11) (અષ્ટવિનાયક, પાંચ જ્યોતિર્લિંગ 20-11, 04-01) સુરેશભાઈ પુરોહિત. 9825105053, 9825105054 (1155)

**ઓમસાંઈ ટ્રાવેલ્સ**
દિવાળીમાં ઉપડતા પ્રવાસો (અષ્ટવિનાયક, સાથે પાંચ જ્યોતિર્લિંગ 8 દિવસ) (કચ્છ, ભુજ , મોગલધામ 5 દિવસ) (ગોવા, મહાબળેશ્વર, લોનાવાલા 7 દિવસ) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા 3 દિવસ) 7878674257. (1156)

**ઓમસાંઈ ટ્રાવેલ્સ**
દિવાળીમાં ઉપડતા પ્રવાસો (નેપાળ, ગંગાસાગર, જગન્નાથપુરી, કામાખ્યા, અયોધ્યા, બનારસ 24 દિવસ) (દિલ્હી, હરિદ્વાર, મથુરા, ગોકુળ 12 દિવસ) (રોયલ રાજસ્થાન 9 દિવસ) 7878674257 (1157)

**પ્રથમ ટ્રાવેલ્સ**
દિવાળી પ્રવાસ ગોવા, મહાબળેશ્વર, રાજસ્થાન. વિજયભાઈ પારેખ કતારગામ, 9825344459 (1148)

નોકરી વિષયક

**કોલ્ડ રૂમનાં અનુભવી**
કારીગર તથા હેલ્પર જોઈએ છે 9879078652

**રસોઈ કામ માટે બહેન જોઈએ છે**
રસોઈ કામ માટે વાણિયા, બ્રાહ્મણ, પટેલ બહેન જોઇએ છે. સંપર્ક કરવાનો સમય : બપોરે 3 થી 4
ફોન નંબર : 9879849831
સરનામું : રૂપાલી સીનેમા પાસે, રામનગર, રાંદેર રોડ, સુરત.

**આનંદમહલ રોડ પર**
રેડીમેડ ગારમેન્ટ/ ચિલ્ડ્રન્સ વેર દુકાનમાં જેન્ટ્સ હેલ્પર/ સેલ્સમેન જોઈએ. ફક્ત અનુભવી Mo- 9879863465

**જોઈએ છે,**
B. Sc, M. Sc, Micro, Chemistry, ફૂડ. ડેરી ટેકનોલોજી, Only Surat, Mo:- 9825236110

**જોઈએ છે.**
ઉધના વિસ્તારમાં, મીરાનગર સોસયટી પાસે, ડેન્ટલ કલીનીક માટે, ડેન્ટલ ડોકટરની જરૂર છે. Mobile- 9374718583 (1152)

**સીનીયર સીટીઝન**
માટે સેવા કરે એવા કેરટેકર બેન જોઈએ છે. કોન્ટેક- ૭૦૪૩૪૧૧૭૬૫, ૯૮૨૫૪૬૬૭૬૫

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.